પત્ર નં.સુડા/યુ.ડ/ટીપીએસ–૪૨(ભીમરાડ)/ ૧૮૦૨ તા– /૦૩/૨૦૦૬
12 MAR 2006

પ્રતિ,
અગ્રસચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨(ભીમરાડ) સુડા : સુરત. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ રાજય સરકારશ્રીને મંજૂરી અર્થે સાદર કરવા બાબત.

મહાશય,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સત્તામંડળ દ્વારા મોજે : ભીમરાડ વિસ્તારના વિકસી રહેલ વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાની જરૂરીયાત જણાતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૧) હેઠળ ઉક્ત વિસ્તારમાં, નગર રચના યોજનાં વિસ્તાર માટે મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર સાથે રૂબરૂ ચર્ચા વિચારણા તથા લેખિતમાં પરામર્શ કરેલ જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફથી તેમના પત્ર નંબર નરયો/સુડા/પરામર્શ/દ.ગુ.૧૫૯૩ તા. ૦૪/૦૪/૨૦૦૫ થી પ્રસ્તુત નગર રચના યોજનાની નકકી કરેલ હદ માટે શરતોને આધિન અનુમોદન આપેલ છે. જે અન્વયે સુરત શહેરી વિકાસ સત્તામંડળની તા. ૦૬/૦૪/૨૦૦૫ ની બોર્ડ બેઠક નં. ૧૯૫ ના ઠરાવ નં. ૨૩૭૬(૬) થી (નકલ સામેલ છે.) ઉક્ત અધિનિયમની કલમ–૪૧ હેઠળ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ, જેના અનુસંધાને દૈનિક વર્તમાનપત્રો "ગુજરાત સમાચાર" તથા "ધબકાર" માં તારીખ : ૧૬/૦૪/૨૦૦૫ ના રોજ (નકલ સામેલ છે) તથા સ્થાનિક મહત્વની કચેરીઓ અને સંબંધિત વિસ્તારની મહત્વની જગ્યાઓ ઉપર (નકલ સામેલ છે.) પણ ઈરાદો જાહેર કરતાં અધિસુચનની પ્રસિધ્ધિ આપવામાં આવેલી તથા ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓડીનરી ગેઝેટમાં તારીખ ૧૯/૦૪/૨૦૦૫ ના રોજ ભાગ–૨ ના પાના નંબર ૬૯ અને ૭૦ ઉપર (નકલ સામેલ છે.) જરૂરી પ્રસિધ્ધિ આપવામાં આવેલ તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં તા. ૦૪/૦૫/૨૦૦૫ ના પત્ર ક્રમાંક : સુડા/યુ.ડ/ટીપીએસ–૪૨(ભીમરાડ)/૨૭૨૨ થી હદ વિસ્તાર બનાવતો નકશો / અધિસુચનની નકલ મોકલી સરકારશ્રીને જાણ કરેલ છે. (નકલ સામેલ છે.)

ઉક્ત પ્રસિધ્ધ થયેલ ઈરાદા મુજબ, નકકી થયેલ વિસ્તાર માટે, જરૂરી મોજણીઓ/ માહિતી/કાર્યવાહીઓ પૂર્ણ કરીને સત્વરે સત્તામંડળ દ્વારા ઉક્ત અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ તૈયાર કરેલ નગર રચના યોજનાનો મુસદ્દો/દરખાસ્તો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૯ ના નિયમો–૧૭ મુજબ જમીન માલિકોની સભા તા.૧૩/૧૦/૨૦૦૫ના રોજ (ઓનર્સ મીટીંગ) બોલાવવાનું નકકી થતાં, તે અંગે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો ગુજરાત સમાચાર તથા ધબકાર માં તા. ૫/૧૦/૨૦૦૫ ના રોજ જાહેરાત આપેલ (નકલ સામેલ છે) સદરહુ નિયમમાં જણાવ્યા પ્રમાણે જમીન માલિકોના ઉપલક્ષમાં સબંધકો કે જેનાં સરનામાની જાણ હતી તેને વ્યકિતગત રીતે નોટીસ પાઠવીને તથા સંબંધિત વિસ્તારનાં મહત્વની જગ્યાઓએ આ અંગેની જાહેર સુચનાની પ્રસિધ્ધિ કરીને પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.(નકલ સામેલ છે) જે મુજબ તા.૧૩/૧૦/૨૦૦૫ ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ કલાકે કોમ્યુનીટીહોલ (ભીમરાડ) મુકામે જમીન માલિક/હિત સંબધિતોની મીટીગ બોલાવેલ હતી, ઉક્ત અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના અંગે જાહેરજનતાના વાંધા સુચનો મંગાવવા માટે તા. ૨૭/૧૨/૨૦૦૫ ના સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં પાના નં.૩૭૪, ૩૭૫ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ જેના સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો ગુજરાત સમાચાર અને ગુજરાતપ્રભામાં તા. ૩૦/૧૨/૨૦૦૫ થી (નકલ સામેલ છે.) પણ પ્રસિધ્ધિ આપવામાં આવેલ, જે અન્વયે ઓનર્સ મીટીગ બાદ, સ્કીમ પ્રસિધ્ધિની સમય મર્યાદા (તા. ૧૩/૧૦/૨૦૦૫ થી તા. ૨૭/૧૨/૨૦૦૫ સુધીમાં) દરમ્યાન મળેલ વાંધા સૂચનો તથા સ્કીમની પ્રસિધ્ધી અન્વયે એક માસની કાયદાકીય સમયમર્યાદા (તા. ૨૭/૧૨/૨૦૦૫ થી તા. ૨૭/૦૧/૨૦૦૬ સુધીમાં) દરમ્યાન મળેલ વાંધાસુચનો અને સમયમર્યાદા એટલે કે તા. ૨૭/૦૧/૨૦૦૬ પછી મળેલ વાંધાસુચનોની વિચારણા/પૃથ્થકરણ વિગેરે કરીને પ્રસ્તુત સ્કીમ પ્રસિધ્ધ થયાની તારીખથી ઉક્ત કાયદાની કલમ–૪૮(૧) હેઠળ જરૂરી સાહિત્ય વિગેરે સહ સત્તામંડળની તા.૨૪/૦૨/૨૦૦૬ ની બોર્ડ બેઠક નં. ૧૯૯ માં ઠરાવ નં. ૨૪૫૦ થી ઠરાવ્યા મુજબ, (નકલ સામેલ છે.) પ્રસ્તુત નગર રચના યોજનાની આગળની તમામ, કાયદેસરની કાર્યવાહી કરવા આપેલ સુચના અન્વયે સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨(ભીમરાડ) : સુડા : સુરત. ગુજરાત નગર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવામાં આવે છે અને આ સ્કીમ અન્વયેના જરૂરી સાહિત્ય તથા મળેલ વાંધા સુચનો (અસલ એક અરજી સાથે) સામેલ રાખી રાજય સરકારશ્રીને તથા અસલ અરજીની ઝેરોક્ષ નકલો પૃથ્થકરણ કરી અન્ય સેટમાં સામેલ મંજુરી અર્થે સાદર કરવામાં આવે છે.

વધુમાં વિકાસ યોજનાનો વિભાગીય નકશો નગર રચના યોજનાની હદ સહિત આ સાથે સામેલ રાખેલ છે.

આ યોજનામાં સમાવિષ્ટ થયેલ જમીનો/હદ વિસ્તાર અંગે અથવા યોજના મંજુર કરવા બાબતે નામદારકોર્ટનો કોઈ મનાઈ હુકમ થયેલ જણાતો નથી તેમજ હાલે કોઈ કોર્ટ મેટર પણ ચાલુ નથી.

સદર હકીકતે, ઉક્ત યોજનાને કાયદાની કલમ–૪૮(૨)ની જોગવાઈઓએ નિયત સમયમર્યાદામાં રાજય સરકારશ્રીની મંજુરી આપી અને તેને અંતિમ કરવા સારુ નગર આયોજન અધિકારીની નિમણુંક કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

<u>બિડાણ :</u>

(૧) ઉપર મુજબ પાન નં.૧ થી ૨૩

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો આમેજ કરતો ચોપડા નંગ–૨ જેમાં

- (ક) લીગલ ફોમાલીટીઝ અને ડોક્યુમેન્ટસ
- (ખ) ઈન્ટ્રોડકશન અને સેઈલન્ટ ફીચર્સ
- (ગ) વેલ્યુએશન સ્ટેટમેન્ટ અને કપાતના ધોરણનું પત્રક
- (ઘ) સેલ્સ સ્ટેટમેન્ટ
- (ચ) ફોર્મ–એફ (રીડીસ્ટ્રીબ્યુશન અને વેલ્યુએશન પત્રક)
- (છ) ફોર્મ–જી (ફાયનાન્સ અને કામના અંદાજો)
- (જ) વિકાસ નિયંત્રણ નિયમો/નોંધ
- (ઝ) ઈન્ડેક્ષ પ્લાન
- (ટ) મુળખંડનો નકશો
- (ઠ) મુળખંડ તથા અંતિમખંડનો નકશો
- (ડ) અંતિમખંડનો નકશો
- (ઢ) સર્વિસીસ પ્લાન અને
- (ણ) સેલ્સ પ્લાન

(૩) જાહેર જનતા તરફથી મળેલ વાંધાસુચનોની મુળ અરજીઓ (સેટ–૧) તથા અન્ય એક સેટ ઝેરોક્ષ પૃથ્થકરણ પત્રક સાથે.

(૪) વિકાસ યોજનાનો વિભાગીય નકશાની નકલ.

<u>નકલ સવિનયસહ રવાના ::–</u>

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી,
ગુજરાત રાજય,
ગાંધીનગર તરફ બિડાણ–૧ તથા બિડાણ–૨ ની બે–બે નકલો સહિત તથા બિડાણ–૩ ના એક સેટ સહિત આથી સરકારશ્રીમાં સ્કીમ મંજુર કરવા ભલામણ કરવા તથા એકટની કલમ–૫૦ ના સુધારેલ કાયદા મુજબ નગર રચના અધિકારીની નિમણુંક કરવા બાબત યોગ્ય થવા સારૂં.

(૨) પ્રવર નગર નિયોજકશ્રી,
પ્રાદેશિક કચેરી,
દક્ષિણ ગુજરાત વિભાગ,
વડોદરા તરફ બિડાણ–૨ ની એક નકલ તથા બિડાણ–૩ ના એક સેટ સહિત આગળની કાર્યવાહી થવા સારૂં.

C:\My Documents\TPS GOV SADAR(42 BHIMRAD).doc